# વ્યવહારુ ક્રિયાપદોનો સંક્ષિપ્ત શબ્દકોશ

## અંગ્રેજી-ગુજરાતી

Wonder

# CONCISE DICTIONARY OF PRACTICAL Verbs

## ENGLISH-GUJARATI

ક્રિયાપદની યોગ્ય જાણકારી વિના
અંગ્રેજીનું શિક્ષણ કદાપિ પૂર્ણ થઈ શકતું નથી.

ડૉ. અશોક ચાવડા

# વ્યવહારુ ક્રિયાપદોનો સંક્ષિપ્ત શબ્દકોશ

## અંગ્રેજી–ગુજરાતી

**Wonder**

**CONCISE DICTIONARY
OF
PRACTICAL**

# Verbs

**ENGLISH-GUJARATI**

Dr. Ashok Chavda

(M.D.C., Ph.D., NET)

WBG Publication

www.wbgpublication.com
info@wbgpublication.com
Cell: 91 73 40 41 42

**Concise Dictionary of Practical Verbs**
Compiled by Dr. Ashok Chavda
Published in Gujarati by WBG Publication
Ahmedabad
2012
2013

ISBN : 978-93-82345-10-7

© Maitree Chavda, 2013

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર, ૨૦૧૨
દ્વિતીય આવૃત્તિ : એપ્રિલ, ૨૦૧૩

₹ 60-00

પ્રકાશક
**WBG** Publication

**રજિ. ઑફિસ**
એ-૩૧, રાધિકા બંગ્લોઝ,
શુકન બંગ્લોઝની બાજુમાં,
નિકોલ - નવા નરોડા,
અમદાવાદ

**કૉર્પોરેટ ઑફિસ**
૨, સત્તાધાર ચેમ્બર,
ચંદ્રપ્રસાદ દેસાઈ હૉલની સામે,
ટોલનાકા, બાપુનગર,
અમદાવાદ

Email : info@wbgpublication.com
Cell : 91 73 40 41 42
Cover Page: ranmal.sindhav@gmail.com
ટાઇપ સેટિંગ : ભાવિન પરમાર
મુદ્રણ : અંબા ઑફસેટ, અમદાવાદ

## અર્પણ

સુખદુ:ખના સાથી એવા પરમ મિત્રોને…

**સુનીલ ઔદિચ્ય**

અને

**સચિન લકુમ**

# ડૉ. અશોક ચાવડાનાં અન્ય પુસ્તકો

● **કવિતા**

૧. પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ, પ્ર.આ. ૨૦૦૩, બી.આ. ૨૦૧૨)
૨. પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ, ૨૦૧૨)
૩. તું કહું કે તમે? (ગીતસંગ્રહ, ૨૦૧૨)
૪. પીટ્યો અશ્કો (હાસ્યવ્યંગ કવિતાસંગ્રહ, ૨૦૧૨)
૫. ડાળખીથી સાવ છૂટાં (પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ, ૨૦૧૨)
૬. મને ઓળખો હું છું કોણ? (બાળકાવ્યો, પ્રકાશ્ય)
૭. પડખું ફર્યું તળાવ (ગઝલસંગ્રહ, પ્રકાશ્ય)

● **વિવેચન**

૧. શબ્દોદય (૨૦૧૨)
૨. ગઝલગોષ્ઠિ (ગઝલનું સરળ છંદશાસ્ત્ર, પ્રકાશ્ય)

● **અનુવાદ**

૧. ગઝલિસ્તાન (ભારત-પાકિસ્તાનની ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ, ૨૦૧૨)
૨. દૂરસુદૂર અંતરિક્ષમાં (અંગ્રેજી કાવ્યાનુવાદ, પ્રકાશ્ય)
૩. સરળ આયુર્વેદિક ઉપચાર (૨૦૧૩)

● **સંશોધન/વિવેચન**

૧. ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ (૨૦૧૩)
૨. ગુજરાતના દલિત પત્રકારત્વની વિકાસયાત્રા (૨૦૧૩)

● **સંપાદન**

૧. જાગને જાદવા (મનહર મોદીની ગઝલનો રસાસ્વાદ, ૨૦૧૩)
૨. પોતપોતાની તરસ (ડૉ. હર્ષદેવ માધવની ગઝલો, ૨૦૧૩)

● **શબ્દકોશ**

૧. કન્સાઇઝ ડિક્શનરી ઑફ પ્રેક્ટિકલ વર્બ્સ (અં.ગુ.ક્રિયાપદકોશ, ૨૦૧૨)
૨. કન્સાઇઝ ડિક્શનરી ઑફ પ્રેક્ટિકલ પ્રેપઝિશન્સ (અં.ગુ.અવ્યયપદકોશ,૨૦૧૩)

**સંપર્ક :**

Mobile : 94266 80633
E-mail : bedil@ashokchavda.com
Website : www.ashokchavda.com

# Contents


- અંગ્રેજી ભાષામિત્ર જેવો ક્રિયાપદકોશ.........પ્રા. બ્રિજેશ ભટ્ટ.....07
- ક્રિયાપદ અને તેની ઉપયોગિતા.............ડૉ. અશોક ચાવડા.....10

1. A.....19
2. B.....25
3. C.....29
4. D.....38
5. E.....48
6. F.....54
7. G.....58
8. H.....61
9. I.....64
10. J.....68
11. K.....69
12. L.....70
13. M.....74
14. N.....78
15. O.....80
16. P.....82
17. Q.....88
18. R.....89
19. S.....97
20. T.....114

21. U........................................................120
22. V........................................................123
23. W.......................................................124
24. Y........................................................128
25. Z........................................................128

# અંગ્રેજી ભાષામિત્ર જેવો ક્રિયાપદકોશ

ડૉ. અશોક ચાવડા ગુજરાતી સાહિત્ય તેમજ પત્રકારત્વ અને સમૂહ માધ્યમોના વર્તુળમાં સન્માનનીય અને ખૂબ જ આશાસ્પદ નામ છે. તેઓએ વાણિજ્ય, અંગ્રેજી સાહિત્ય, માસ કૉમ્યુનિકેશન, સંશોધન, કાયદો અને વહીવટ એમ અનેકવિધ ક્ષેત્રે ખેડાણ દ્વારા, જ્ઞાન અને અનુભવ ઉપાર્જિત કરી, અનેક મૌલિક સર્જનો આપણને ઉપલબ્ધ કરાવી સાહિત્યસેવા કરી છે. તેમના પુસ્તકોમાં આંતરવિદ્યાકીયતા સહજ રીતે સ્ફૂટ થતી જણાય છે. ગુજરાતી માધ્યમના સામાન્ય વિદ્યાર્થી તરીકે અભ્યાસની શરૂઆત કરીને આપબળે ઉત્તરોત્તર જ્ઞાનવિશ્વના સોપાનો સર કરવાના સ્વાનુભવે તેમને અંગ્રજી ભાષાનું મહત્ત્વ અને અનિવાર્યતા સમજાઈ છે. તેમના મહેનતુ સ્વભાવનો હું સાક્ષી રહ્યો છું. અંગ્રેજી સાહિત્ય, ગુજરાતી પદ્યલેખન, ગુજરાતી-ઉર્દૂ છંદશાસ્ત્ર, પત્રકારત્વનો અભ્યાસ અને સંશોધન તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જ્વલંત સફળતાના તેજસ્વી અને પ્રેરણાદાયી સ્વાનુભવને તેઓ આપણા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે સંન્નિષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે, જે બાબત આવકાર્ય અને પ્રશંસનીય છે.

ગુજરાતમાં અંગ્રેજી ભાષા શીખવા અંગેના અસંખ્ય પ્રકાશનો ઉપલબ્ધ છે, પરંતુ વિદ્યાર્થી માટે ક્રિયાપદનું પાયાનું જ્ઞાન હોવું વિશેષ જરૂરી છે. પ્રસ્તુત કોશમાં ક્રિયાપદોની પસંદગી કરતી વખતે તેની ઉપયોગિતા તેમજ કઠિનતા

વગેરે બાબતોની કાળજી રાખવામાં આવી છે, જેથી આ ભાષા શીખનારને વારંવાર દળદાર ડિક્શનરી ઊથલાવવાની પળોજણમાંથી સાનંદ મુક્તિ મળે છે. અંગ્રેજી ભાષા શીખવાના મૂળભૂત અંગો જેને 'પાર્ટ્સ ઑફ સ્પીચ' કહેવાય છે, તેમાંના અતિ મહત્ત્વના એવા ક્રિયાપદોનો આ કોશ વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષામિત્ર બની તેઓની સફળતામાં સહભાગીદાર થશે.

સામાન્ય રીતે યોગ્ય ક્રિયાપદ અને શબ્દભંડોળના અભાવે 'ઇંગ્લિશ સ્પીકિંગ'માં ગુજરાતી વિદ્યાર્થીઓ પાછા પડે છે. ક્રિયાપદ વ્યાકરણનું એવું અન્નય અંગ છે કે ક્રિયાપદનું યોગ્ય જ્ઞાન ક્રમશ: વ્યાકરણના અન્ય પાઠ ભણવામાં ઉપયોગી થઈ રહે છે. આમ, ક્રિયાપદની યોગ્ય જાણકારી વિના અંગ્રેજીનું શિક્ષણ કદાપિ પૂર્ણ થઈ શકતું નથી. દ્વિતીય ભાષા તરીકે અંગ્રજી શીખનારા માટે ઉચ્ચારશુદ્ધિની પણ આવશ્યકતા જણાય છે. અહીં અંગ્રેજી ક્રિયાપદોના બી.આર.પી. મુજબ પ્રમાણભૂત ગુજરાતી ઉચ્ચારો પણ સમાવિષ્ટ છે.

અંગ્રેજી ભાષાના વિદ્યાર્થીઓ અનેકવિધ મુશ્કેલીઓનો અનુભવ કરે છે. આવા સમયે ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ અને ભૂતકૃદંત નિર્ણાયક ભૂમિકા ભજવે છે. મહદંશે શાળા-કૉલેજના અંગ્રેજી શિક્ષણમાં કાળ આધારિત 'વર્બ ફોર્મ્સ'ના પ્રશ્નો પૂછવામાં આવે છે. અહીં બહુ પ્રચલિત અંગ્રેજી ક્રિયાપદો તેના ભૂતકાળનાં રૂપો અને ભૂતકૃદંતના રૂપો સાથે સમાવિષ્ટ છે, જે ખૂબ જ ઉપયોગી છે. આમ, પ્રસ્તુત ક્રિયાપદકોશ માત્ર ગુજરાતી માધ્યમ જ નહીં પણ અંગ્રજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. સાથોસાથ અંગ્રેજી શીખતા વિદ્યાર્થીઓની એક વિકટ સમસ્યા

શબ્દભંડોળની પણ છે, જેનું નિરાકરણ ઉત્સુક વિદ્યાર્થીમિત્રોને આ સંગ્રહમાં ચોક્કસ મળી રહે છે. અંગ્રેજી ભાષાલેખન અને વાર્તાલાપમાં નિપુણતાયોગ્ય બનવા માટે પર્યાપ્ત ક્રિયાપદભંડોળની પણ આવશ્યકતા જરૂરી જણાય છે. આ સંદર્ભે, પ્રસ્તુત ક્રિયાપદકોશ ગુજરાતના વિદ્યાર્થીમિત્રોનો સુલભ અને સુગમ સાથી બની રહેશે.

વળી, આજના સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક સ્પર્ધાત્મક પરીક્ષામાં 'અંગ્રેજી' વિષય અનિવાર્ય હોય છે. આવી પરીક્ષાઓમાં પણ 'વર્બ ફોર્મ્સ', 'કૉમ્પોઝિશન', 'કૉમ્પ્રિહેન્શન', 'ટ્રાન્સલેશન' ઇત્યાદિ રીતે જેમાં ક્રિયાપદનું જ્ઞાન મહત્ત્વ ધરાવે છે તેવા પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. આ ક્રિયાપદકોશ આવી પરીક્ષાઓમાં પણ ઉત્તીર્ણ થવા માટે રામબાણ સાબિત થઈ શકે છે.

તદુપરાંત રોજબરોજના ઉપયોગી ક્રિયાપદોની ગુજરાતીમાં સમજણ એ પ્રસ્તુત ક્રિયાપદકોશની ઉપયોગિતામાં વધારો કરે છે. 'રેડી રેકનર' તરીકે પણ આ ક્રિયાપદકોશ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરવા ઇચ્છતા વ્યાવસાયિકો માટે પણ ખૂબ જ ઉપયોગી છે.

**૫, સપ્ટેમ્બર ૨૦૧૨** **– પ્રા. બ્રિજેશ ભટ્ટ**

અસોશિએટ પ્રોફેસર,
સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

# ક્રિયાપદ અને તેની ઉપયોગિતા

અંગ્રેજી ભાષામાં વ્યાકરણ અને વાક્યરચનાની દૃષ્ટિએ કર્તા (Subject), ક્રિયાપદ (Verb), કર્મ (Object), નામ (Noun), સર્વનામ (Pronoun), વિશેષણ (Adjective), ક્રિયાવિશેષણ (Adverb), ઉપપદ (Article), નામયોગી અવયવ (Preposition), અને કેવળપ્રયોગી અવયવ (Interjection) ઇત્યાદિને 'પાર્ટ્સ ઑફ સ્પીચ' તરીકે ઓળખવામાં આવે છે.

આમ તો આ પ્રત્યેક અંગ ભાષામાં એક આગવું મહત્ત્વ ધરાવે છે. પ્રત્યેક પાસા વિશે ચર્ચા કરવી અહીં અસ્થાને હોવાથી માત્ર ક્રિયાપદ વિશે વાત કરીશું. ક્રિયાપદની સાચી સમજ વિના દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજીનું શિક્ષણ અધૂરું રહે છે. ક્રિયાપદનું જ્ઞાન અંગ્રેજી બોલવામાં તેમજ લખવામાં અગત્યની ભૂમિકા ભજવતું હોય છે. પ્રત્યાયનમાં પણ યોગ્ય ક્રિયાપદના ઉપયોગનું વિશેષ મહત્ત્વ હોય છે. વળી, ક્રિયાપદનો અર્થ જાણતા હોઈએ તો તેના પરથી બનતા Nounનો અર્થ પણ સરળતાથી પામી શકાય છે. સામાન્ય રીતે અંગ્રેજીમાં કર્તા, ક્રિયાપદ અને કર્મ એવી વાક્યરચના જોવા મળતી હોય છે. આ રચના જ સૂચવે છે કે ક્રિયાપદ એ કર્તા અને કર્મને સાંકળતી કડી છે.

વ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ અંગ્રેજીમાં Verb તરીકે પ્રચલિત થયેલો શબ્દ મૂળ લેટિન ભાષાના Verbum અર્થાત્ 'અતિ મહત્ત્વનો શબ્દ' પરથી ઊતરી આવેલો છે. અંગ્રેજી શીખવાના 'પાર્ટ્સ ઑફ સ્પીચ'નું એક ન અવગણી શકાય તેવું અભિન્ન અંગ Verb છે. વ્યાખ્યાની રીતે જોઈએ તો Verb એટલે ક્રિયા સૂચવતું પદ અર્થાત્

ક્રિયાપદ. વ્યાકરણની દૃષ્ટિએ એક મત એવો પણ છે કે ક્રિયાપદ વિના વાક્યરચના ન થાય, પરંતુ વ્યાવહારિક બોલચાલની ભાષામાં બોલાતા વાક્યોમાં ઘણીવાર ક્રિયાપદની હાજરી વિના પણ પૂર્ણ અર્થ ઉજાગર થતો જોવા મળે છે. અલબત્ત, આનાથી ક્રિયાપદનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા જરાયે ઓછી થતી નથી. ક્રિયાપદની રચનામાં એક કે તેનાથી વધારે શબ્દો ભાગ ભજવતા હોય છે.

ઉપયોગની દૃષ્ટિએ મુખ્યત્વે ક્રિયાપદને આ રીતે વહેંચી શકાય.

૧. સકર્મક ક્રિયાપદ (Transitive Verb)

૨. અકર્મક ક્રિયાપદ (Intransitive Verb)

૩. સકર્મક અને અકર્મક (Transitive & Intransitive)

૪. સહાયક ક્રિયાપદ (Helping or Auxiliary Verb)

આગળ કહ્યું તેમ ક્રિયાપક કર્તા અને કર્મ સાથે સંલગ્ન હોય છે. આ રીતે ક્રિયાપદની ઓળખ સરળ છે.

જેમ કે, જે ક્રિયાપદ કર્તાની સાથે સાથે કર્મને પણ રજૂ કરે તેવું ક્રિયાપદ સકર્મક ક્રિયાપદ કહેવાય છે.

આનાથી વિપરીત, જે ક્રિયાપદ કર્તાની સાથે જ સંબંધ ધરાવતું હોય અને જેને કર્મ સાથે કોઈ નિસબત ન હોય તેવું ક્રિયાપદ અકર્મક ક્રિયાપદ કહેવાય છે.

મોટા ભાગના ક્રિયાપદ સકર્મક અને અકર્મક એમ બંને રીતે ભૂમિકા ભજવે છે. તેને સકર્મક અને અકર્મક ક્રિયાપદ કહે છે.

સહાયક ક્રિયાપદ ઉપર્યુક્ત ક્રિયાપદો કરતા કંઈક વિશેષ છે. વાક્યમાં રહેલા એક ક્રિયાપદની મદદે આવતા બીજા ક્રિયાપદને સહાયક ક્રિયાપદ કહેવામાં આવે છે.

અલબત્ત, વ્યાકરણમાં ક્રિયાપદની પ્રસ્તુતિ આટલેથી જ અટકતી નથી. ક્રિયાપદ તો ૧. મૂળકૃદંત (Infinitive) ૨. વર્તમાનકૃદંત (Present Participle) અને ૩. ભૂતકૃદંત (Past

Participle) એવી રીતે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. મૂળ કૃદંત એટલે ક્રિયાપદનું to વગરનું સાદું રૂપ. આ મૂળકૃદંતને ing પ્રત્યય લાગેલું રૂપ એટલે વર્તમાનકૃદંત. મૂળકૃદંતને ed, d કે t પ્રત્યય લાગીને ભૂતકાળનું રૂપ બનતું હોય છે. સામાન્ય રીતે ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ ભૂતકૃંદત હોય છે, પણ દર વખતે માત્ર પ્રત્યય લાગવાથી જ ભૂતકાળનું રૂપ નથી બનતું. ઘણીવાર ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ અલગ હોય છે અને એ રીતે જ ભૂતકૃદંતનું રૂપ પણ. તો કેટલીકવાર મૂળકૃદંત, ભૂતકાળ અને ભૂતકૃદંત એમ ત્રણે રૂપો એક જેવા જ હોય છે અને ઘણીવાર ત્રણેય રૂપો અલગ અલગ.

પ્રસ્તુત ક્રિયાપદકોશમાં અંગ્રજી ભાષાના કેટલાક ઉપયોગી ક્રિયાપદો તેનાં મૂળ રૂપ, ઉચ્ચાર, ગુજરાતી અર્થ તેમજ ભૂતકાળના રૂપો અને ભૂતકૃદંતના રૂપો સાથે આપવામાં આવ્યા છે. મોટે ભાગે ભૂતકાળનું રૂપ જ ભૂતકૃદંત બનતું હોય છે, આથી વાચકોને સરળતા રહે એટલા માટે ભૂતકૃદંતની કૉલમને ભૂતકાળના રૂપોમાં જ સમાવિષ્ટ કરવામાં આવી છે. જ્યાં ભૂતકાળનું રૂપ અને ભૂતકૃદંતના રૂપો અલગ અલગ છે ત્યાં અલગથી કૌંસ કરીને ભૂતકૃદંત આપવામાં આવ્યા છે. આવા ક્રિયાપદો વધારે ન હોવાથી આમ કરવામાં આવ્યું છે. બીજું કે આનાથી અલગ અલગ રૂપ યાદ રાખવાનો માનસિક ભાર અને અંગ્રેજી ભાષા ભારેખમ હોવાનો ભય પણ ઓછો થશે.

પ્રત્યેક ભાષામાં કાળ મુજબ ક્રિયાપદમાં ફેરફાર થતો રહેતો હોય છે. અંગ્રેજીમાં ૧. વર્તમાનકાળ (Present Tense) ૨. ભૂતકાળ (Past Tense) અને ૩. ભવિષ્યકાળ (Future Tense) એમ ત્રણ કાળરચના અને ત્રણેય કાળની ૧. સાદો (Simple) ૨. ચાલુ (Continuous) ૩. પૂર્ણ (Perfect) અને ૪. ચાલુ-પૂર્ણ (Continuous Perfect) એમ ચાર પેટા કાળરચના – આ રીતે

કુલ બાર કાળ મુજબ વાક્યરચના થાય છે. અહીં એક રીતે આ તમામ કાળ આવરી લેવામાં આવ્યા છે, કારણ કે કાળની ઓળખમાં ક્રિયાપદ મુખ્ય ભાગ ભજવતું હોય છે. જેમ કે સાદા વર્તમાનકાળમાં ક્રિયાપદનું સાદું રૂપ અને ત્રીજા પુરુષ એકવચનમાં s કે es વાળું રૂપ. સાદા ભૂતકાળમાં ભૂતકાળનું રૂપ. સાદા ભવિષ્યકાળમાં shall કે will અને ક્રિયાપદનું સાદું રૂપ. ચાલુ કાળમાં ing પ્રત્યય લાગેલું રૂપ એટલે કે વર્તમાનકૃદંત (Present Participle) હોય છે. તો કોઈ પણ પૂર્ણ કાળમાં ભૂતકૃદંત (Past Participle)ની જરૂરિયાત રહે છે. વળી, કર્મણિ પ્રયોગ (Passive Voice)માં તો ભૂતકૃદંતની જરૂરિયાત અનિવાર્ય છે જ. આમ જોઈ શકાય છે કે અહીં ક્રિયાપદના તમામ રૂપો સમાવિષ્ટ છે. માત્ર અહીં ક્રિયાપદનું ચાલુ કાળનું રૂપ એટલે કે વર્તમાનકૃદંત (Present Participle) આપવામાં આવ્યું નથી. એનું કારણ પણ એની સરળતા જ છે.

જોકે આથી વર્તમાનકૃદંત (Present Participle)નું મહત્ત્વ ઓછું થતું નથી. વર્તમાનકૃદંતનો એક ઉપયોગ નામકૃદંત (Gerund) તરીકે પણ થતો હોય છે. નામકૃદંત (Gerund) એટલે પણ મૂળકૃદંતને ing પ્રત્યય લાગેલું રૂપ. આમ, વર્તમાનકૃદંત (Present Participle) અને નામકૃદંત (Gerund) એક જેવા જ લાગે છે, પણ બંનેનો ઉપયોગ ભિન્ન છે. વાક્યમાં નામ અને તેની આગળના ing પ્રત્યય લાગેલા રૂપ સાથે ક્રિયાનું કોઈ અનુસંધાન ના હોય તો તે ing પ્રત્યય લાગેલું રૂપ નામકૃદંત કહેવાય છે. વર્તમાનકૃદંતનો ઉપયોગ તો ચાલુ ક્રિયા દર્શાવવા માટે થાય છે. જો વર્તમાનકૃદંત પણ અહીં સમાવવામાં આવત તો ક્રિયાપદકોશની પ્રસ્તુતિ લાંબી થાત, આથી જ એ ટાળવામાં આવ્યું છે.

એક રીતે આ ક્રિયાપદકોશમાં પ્રત્યેક ક્રિયાપદનો એક જ પ્રચલિત અર્થ આપવામાં આવ્યો છે. આમ, અહીં ક્રિયાપદની માત્ર

એક ઝાંખી છે. ક્રિયાપદોના વધારે અર્થ માટે પ્રમાણભૂત શબ્દકોશ જોવાની ટેવ પાડવી જોઈએ. આ ટેવ ભવિષ્યમાં શબ્દભંડોળ વધારવામાં ખૂબ જ ઉપયોગી થશે. વળી, અહીં એકબીજાથી ભિન્ન-ભિન્ન અર્થ ધરાવતા ક્રિયાપદો પણ સાથે મૂકી શબ્દભંડોળ વધારી શકાય તેવી સવલત છે. આવા ઉદાહરણો હાથવગાં છે. જેમ કે, આવવું (Come), જવું (Go). ચાલવું (Walk), દોડવું (Run). ચાહવું (Love), ધિક્કારવું (Hate).

આમ, આ ક્રિયાપદકોશનો આશય વિદ્યાર્થીઓને અને વ્યાવસાયિકોને અનેકાનેક રીતે ઉપયોગી થવાનો છે. પૂરતી કાળજી રાખવા છતાં જો ક્યાંક કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે ક્ષતિ તરફ ધ્યાન દોરશો તો ગમશે જ, જેથી ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ના થાય.

* * *

અંતે થોડું અંગત. કૉલેજના પ્રથમ દિવસથી જ મારી શૈક્ષણિક અને સાહિત્યિક સફરના સાક્ષી એવા મિત્રો સુનીલ ઔદિચ્ય અને સચિન લકુમ કોઈ ને કોઈ પ્રકારે મારા અંગ્રેજી ભાષાપ્રેમને ઢંઢોળતા રહ્યા છે, તેમને આ ક્રિયાપદકોશ અર્પણ કરતા આનંદ અનુભવું છું. તો જેમની પાસેથી માત્ર કૉલેજકાળમાં જ નહીં, પણ જીવનકાળમાં પણ ઘણું શીખવા મળ્યું છે અને મળતું રહે છે એવા પરમ સ્નેહી પ્રા. બ્રિજેશ ભટ્ટનો આવકાર આ ક્રિયાપદકોશને મળ્યો છે તે પણ આ ક્રિયાપદકોશ માટે શુભ શરૂઆત છે.

**૨૪, ઑગસ્ટ ૨૦૧૨** **– ડૉ. અશોક ચાવડા**

# બીજી આવૃત્તિ વેળાએ થોડું વિશેષ

માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, અંગ્રેજી વિષય શીખવતા શિક્ષકો અને અધ્યાપકોએ પણ આ ક્રિયાપદકોશને સહર્ષ આવકાર્યો છે, તો અનુવાદ સાથે સંકળાયેલા અનેક મિત્રોએ પણ મારા આ પ્રયાસને હોંશે હોંશે બિરદાવ્યો છે તેનો આનંદ છે. વળી, આટલા ટૂંકા ગાળામાં જ આ કોશની બીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે તે જ તેની ઉપયોગિતા સિદ્ધ કરે છે.

શિક્ષણ સાથે સંકળાયેલા મિત્રોના આગ્રહને કારણે આ આવૃત્તિમાં ક્રિયાપદનાં ભૂતકાળનાં અને ભૂતકૃદંતનાં રૂપો યાદ રાખવા માટેની કેટલીક ટિપ્સ ઉમેરવામાં આવી છે, તેમજ આ અદ્યતન સંવર્ધિત આવૃત્તિમાં કેટલાક નવા ક્રિયાપદો પણ ઉમેરવામાં આવ્યા છે.

કોઈ પણ ભાષા સતત મહાવરાથી જ હસ્તગત કરી શકાય છે. જેટલો વધારે મહાવરો તેટલી વધારે હથોટી. આ સમગ્ર ક્રિયાપદકોશમાંથી પસાર થતા ક્રિયાપદોનાં વિવિધ રૂપોને નીચે મુજબ વર્ગીકરણ કરીને યાદ રાખી શકાય.

૧. કેટલાક ક્રિયાપદોનાં ત્રણેય રૂપો સરખાં હોય છે. અલબત્ત, આવા ક્રિયાપદો બહુ ઓછી માત્રામાં છે. જેમ કે,

| | | |
|---|---|---|
| Cast | Cast | Cast |
| Set | Set | Set |

૨. કેટલાક ક્રિયાપદોનાં ભૂતકાળનાં તેમજ ભૂતકૃદંતના રૂપો સરખાં હોય છે. આવા ક્રિયાપદો બહુ વધારે માત્રામાં છે અને તેને આમ જુદી જુદી રીતે વહેંચીને યાદ રાખી શકાય.

૨.૧ ક્રિયાપદના અંતે સામાન્ય રીતે ed લગાવીને. જેમ કે,

| | | |
|---|---|---|
| Start | Started | Started |
| Finish | Finished | Finished |

૨.૨ ક્રિયાપદનો છેલ્લો અક્ષર e હોય માત્ર d લાગે. જેમ કે,

| | | |
|---|---|---|
| Like | Liked | Liked |
| Love | Loved | Loved |

૨.૩ ક્રિયાપદનો છેલ્લો અક્ષર y હોય અને તેની પહેલાં સ્વર હોય તો y નો y રાખીને ed લાગે. જેમ કે,

| | | |
|---|---|---|
| Decay | Decayed | Decayed |
| Play | Played | Played |

૨.૪ ક્રિયાપદનો છેલ્લો અક્ષર y હોય અને તેની પહેલાં વ્યંજન હોય તો y નો i કરીને ed લાગે. જેમ કે,

| | | |
|---|---|---|
| Try | Tried | Tried |
| Cry | Cried | Cried |

૨.૫ ક્રિયાપદના છેલ્લા અક્ષર પહેલાં જો એક જ સ્વર હોય તો તેનાં ભૂતકાળના તેમજ ભૂતકૃંદતનાં રૂપોમાં છેલ્લા અક્ષરને બેવડાવવામાં આવે છે અને ત્યાર બાદ ed લાગે. જેમ કે,

| | | |
|---|---|---|
| Stop | Stopped | Stopped |
| Rob | Robbed | Robbed |

૨.૬ ક્રિયાપદના છેલ્લા અક્ષર c હોય અને તેની પહેલા સ્વર હોય તો તેનાં ભૂતકાળના તેમજ ભૂતકૃંદતનાં રૂપોમાં c પછી k ઉમેરવામાં આવે અને ત્યાર બાદ ed લાગે. જેમ કે,

| | | |
|---|---|---|
| Mimic | Mimicked | Mimicked |
| Panic | Panicked | Panicked |
| Picnic | Picnicked | Picnicked |
| Traffic | Trafficked | Trafficked |

૨.૭ કેટલીક વાર ક્રિયાપદનો છેલ્લો અક્ષર d કે t હોય અને તેની પહેલાં બે સ્વર હોય તો બીજા અંતિમ સ્વરનો લોપ થાય છે. (આમાં ઘણા અપવાદો હોઈ શકે છે.) જેમ કે,

| | | |
|---|---|---|
| Bleed | Bled | Bled |
| Shoot | Shot | Shot |
| Meet | Met | Met |
| Plead | Pled | Pled |
| Lead | Led | Led |

૨.૮ ક્રિયાપદનો છેલ્લો અક્ષર d હોય તો તેને બદલે t લાગે. (આમાં ઘણા અપવાદો હોઈ શકે છે.) જેમ કે,

| | | |
|---|---|---|
| Build | Built | Built |
| Send | Sent | Sent |

૩. કેટલાક ક્રિયાપદોનાં મૂળ રૂપો અને ભૂતકૃદંતના રૂપો સરખાં હોય છે. માત્ર ભૂતકાળનું રૂપ જ બદલાતું હોય છે. સામાન્ય રીતે સ્વરનો ફેરફાર જોવા મળે છે. (આમાં ઘણા અપવાદો હોઈ શકે છે.) જેમ કે,

| | | |
|---|---|---|
| Come | Came | Come |
| Run | Ran | Run |

૪. કેટલાક ક્રિયાપદોનાં ત્રણેય રૂપો સંપૂર્ણપણે બદલાતાં હોય છે. જેમ કે,

| | | |
|---|---|---|
| Do | Did | Done |
| Go | Went | Gone |

૪.૧ કેટલાક ક્રિયાપદોનાં ત્રણેય રૂપો સામાન્ય રીતે સ્વરની (a, e, i, o, u) ફેરબદલી થઈને મોટે ભાગે e કે n અથવા en બંને લાગીને બદલાતાં હોય છે. (આમાં ઘણા અપવાદો હોઈ શકે છે.) જેમ કે,

| | | |
|---|---|---|
| Arise | Arose | Arisen |
| Begin | Began | Begun |
| Draw | Drew | Drawn |
| Write | Wrote | Written |

૪.૨ કેટલાક ક્રિયાપદોનાં ત્રણેય રૂપો સામાન્ય રીતે સ્વરની (a, e, i, o, u) ફેરબદલી થઈને સ્વતંત્ર રીતે બદલાતાં હોય છે. (આમાં ઘણા અપવાદો હોઈ શકે છે.) જેમ કે,

| | | |
|---|---|---|
| Drink | Drank | Drunk |
| Ring | Rang | Rung |
| Sing | Sang | Sung |
| Swim | Swam | Swum |

* * *

અલબત્ત, આ માત્ર એક માર્ગદર્શિકા જ છે, અને આવી અનેક માર્ગદર્શિકાઓ હાથવગી કરી શકાય તેમ છે પરંતુ તેમાં અનેક અપવાદો આડે આવી શકે, કારણ કે ભાષાનું સ્વરૂપ સમયાંતરે બદલાતું રહે છે. વળી, અનેક ક્રિયાપદોનાં રૂપોમાં સમયાંતરે પરિવર્તન થયેલું છે, જેની વિગતે વાત ક્યારેક કરીશું જ. હાલ પૂરતું તો માત્ર યાદ રાખવાની સગવડ ખાતર જ આ વર્ગીકરણ આપવામાં આવ્યું છે. કોઈ પણ ભાષા તેનાં વિશેષ વ્યાયામ વિના હસ્તગત ના જ થઈ શકે તે માટે સતત પ્રયત્નશીલ રહીને પ્રચલિત નિયમોને તોડી-મરોડી પોતાનું વ્યક્તિગત શબ્દભંડોળ વિકસાવવા પોતીકી નોંધ બનાવતા રહેવું જોઈએ. વળી, મહાવરાના પરિણામે પણ આપમેળે જ ધીમે ધીમે તમામ રૂપો હસ્તગત થઈ જશે.

વિશેષ કંઈ કહેવાનું રહેતું નથી. વાચકોનો આમ જ સહયોગ મળતો રહેશે તો ભવિષ્યમાં આ દિશામાં અનેક નવા વિચારો અમલમાં લાવવાની કોશિશ કરીશું. આ તકે તમામ વાચકમિત્રોનો/વિદ્યાર્થીઓનો/શિક્ષકોનો/અધ્યાપકોનો આભાર.

વળી, વન્ડર બુક ગૅલરિના ભાઈ ચેતનનો ઉત્સાહ આ કાર્યમાં સતત સહાયરૂપ રહ્યો છે. તેમના આગવા આયોજન અને જોમના કારણે આ ક્રિયાપદકોશ પુન: આપના સુધી પહોંચ્યો છે. તેમનો પણ આ તબક્કે આભાર માનું છું.

**૧૨, ફેબ્રુઆરી ૨૦૧૩** **– ડૉ. અશોક ચાવડા**

| મૂળ ક્રિયાપદ<br>Basic Verb | ઉચ્ચારણ<br>Pronounciation | ગુજરાતી અર્થ<br>Meaning | ભૂતકાળ/P.T.<br>ભૂતકૃદંત/P.P. |
|---|---|---|---|
| Abandon | અબૅન્ડન | સંપૂર્ણપણે છોડી જવું | Abandoned |
| Abase | અબેસ | ઉતારી પાડવું | Abased |
| Abash | અબેશ | શરમાવવું | Abashed |
| Abate | અબેટ | ઓછું થવું | Abated |
| Abbreviate | અબ્રીવિએટ | સંક્ષિપ્ત કરવું | Abbreviated |
| Abdicate | ઍબ્ડિકેટ | પદત્યાગ કરવો | Abdicated |
| Abduct | અબ્ડક્ટ | ગેરકાયદે ઉપાડી જવું | Abducted |
| Abet | અબેટ | અપકૃત્યમાં મદદ કરવી | Abetted |
| Abhor | અબ્હૉર | તિરસ્કાર કરવો | Abhorred |
| Abide | અબાઇડ | પાલન કરવું | Abided |
| Abjure | અબ્જુઅર | અભિપ્રાયમુક્ત થવું | Abjured |
| Abnegate | ઍબ્નિગેટ | જતું કરવું | Abnegated |
| Abolish | અબૉલિશ | નાબૂદ કરવું | Abolished |
| Abominate | અબૉમિનેટ | તિરસ્કારવું | Abominated |
| Abort | અબૉર્ટ | અકાળે અંત આણવો | Aborted |
| Abound | અબાઉન્ડ | વિપુલ માત્રામાં હોવું | Abounded |
| Abrade | અબ્રેડ | ઘસીને ઈજા કરવી | Abraded |
| Abridge | અબ્રિજ | ટૂંકાવવું | Abridged |
| Abrogate | ઍબ્રગેટ | વ્યર્થ કરવું | Abrogated |
| Abscond | એબ્સ્કૉન્ડ | ત્યજીને જતાં રહેવું | Absconded |
| Absolve | ઍબ્ઝૉલ્વ | દોષમુક્ત કરવું | Absolved |
| Absorb | અબ્સૉર્બ | શોષી લેવું | Absorbed |
| Abstain | અબ્સ્ટેન | ...થી દૂર રહેવું | Abstained |
| Abstrege | અબ્સ્ટર્જ | ઘસીને ચોખ્ખું કરવું | Absterged |

| **મૂળ ક્રિયાપદ** Basic Verb | **ઉચ્ચારણ** Pronounciation | **ગુજરાતી અર્થ** Meaning | **ભૂતકાળ**/P.T. **ભૂતકૃદંત**/P.P. |
|---|---|---|---|
| Abuse | અબ્યૂસ | અપશબ્દ કહેવા | Abused |
| Abut | અબટ | ...ની હદે જોડાયેલું હોવું | Abutted |
| Accede | ઍક્સીડ | સંમત થવું | Acceded |
| Accelerate | અક્સેલરેટ | ઝડપ વધારવી | Accelerated |
| Accept | અક્સેપ્ટ | સ્વીકારવું | Accepted |
| Acclaim | અક્લેઇમ | આનંદથી વધાવવું | Acclaimed |
| Acclimatise | અક્લાઇમટાઇઝ | અનુકૂળ બનાવવું | Acclimatised |
| Accommodate | અકૉમડેટ | રહેવાની સગવડ કરવી | Accommodated |
| Accompany | અકંપની | સાથે જવું | Accompanied |
| Accomplish | અકમ્પલિશ | પૂરું કરવું | Accomplished |
| Accord | અકૉર્ડ | સંમત થવું | Accorded |
| Accost | અકોસ્ટ | વિનંતી કરવી | Accost |
| Accredit | અક્રેડિટ | ભલામણ કરવી | Accredited |
| Accrue | અક્રૂ | ઉમેરો થવો | Accured |
| Accumulate | અક્યુમ્યુલેટ | ભેગું કરવું | Accumulated |
| Accuse | અક્યૂઝ | દોષારોપણ કરવું | Accused |
| Accustom | અકસ્ટમ | આદત પડવી | Accustomed |
| Achieve | અચીવ | હાંસલ કરવું | Achieved |
| Acidify | અસિડિફાઈ | ખાટું કરવું | Acidified |
| Acknowledge | અકનૉલિજ | કબૂલ કરવું | Acknowledged |
| Acquaint | અકવેન્ટ | પરિચય થવો | Acquainted |
| Acquire | અક્વાયર | પ્રાપ્ત કરવું | Acquired |
| Acquit | અક્વિટ | નિર્દોષ જાહેર કરવું | Acquilted |
| Act | ઍક્ટ | કોઈ કાર્ય કરવું | Acted |

| મૂળ ક્રિયાપદ<br>Basic Verb | ઉચ્ચારણ<br>Pronounciation | ગુજરાતી અર્થ<br>Meaning | ભૂતકાળ/P.T.<br>ભૂતકૃદંત/P.P. |
|---|---|---|---|
| Activate | એક્ટિવેટ | કાર્યરત થવું | Activated |
| Adapt | અડૅપ્ટ | અનુકૂળ કરવું | Adapted |
| Add | ઍડ | ઉમેરવું | Added |
| Addle | ઍડલ | ડ્હોળી નાખવું | Addled |
| Address | અડ્રેસ | સંબોધવું | Addressed |
| Adduce | અડ્યૂસ | રજૂ કરવું | Adduced |
| Adjoin | અડ્જોઈન | ...ની પાસે હોવું | Adjoined |
| Adjourn | અડર્જ્ન | મુલતવી રાખવું | Adjourned |
| Adjudge | અડ્જજ | ચુકાદો આપવો | Adjudged |
| Adjudicate | અડ્જૂડિકેટ | ન્યાય આપવો | Adjudicated |
| Adjure | અજુઅર | આગ્રહથી વિનંતી કરવી | Adjured |
| Adjust | અડ્જસ્ટ | બરાબર રીતે ગોઠવવું | Adjusted |
| Administer | ઍડમિનિસ્ટર | દેખરેખ રાખવી | Administered |
| Admire | અડ્માયર | વખાણવું | Admired |
| Admit | અડ્મિટ | દાખલ કરવું | Admitted |
| Admix | અડ્મિક્સ | ...માં ભળવું | Admixed |
| Admonish | અડ્મોનિશ | ઉપદેશ આપવો | Admonished |
| Adopt | અડૉપ્ટ | દત્તક લેવું | Adopted |
| Adore | અડૉર | ખૂબ માનપૂર્વક ચાહવું | Adored |
| Adorn | અડૉર્ન | શણગારવું | Adorned |
| Adulate | ઍડ્યુલેટ | ગંદા વખાણ કરવા | Adulated |
| Affect | અફેક્ટ | અસર કરવી | Affected |
| Affirm | અફર્મ | ખાતરીપૂર્વક કહેવું | Affirmed |
| Affix | અફિક્સ | બાંધવું | Affixed |

| મૂળ ક્રિયાપદ<br>Basic Verb | ઉચ્ચારણ<br>Pronounciation | ગુજરાતી અર્થ<br>Meaning | ભૂતકાળ/P.T.<br>ભૂતકૃદંત/P.P. |
|---|---|---|---|
| Affiliate | અફિલિએટ | ...ની સાથે જોડી દેવું | Affiliated |
| Afford | અફૉર્ડ | પરવડવું | Afforded |
| Agree | અગ્રી | સંમત થવું | Agreed |
| Alight | અલાઇટ | નીચે ઊતરવું | Alighted |
| Align | અલાઇન | હારબંધ ગોઠવવું | Aligned |
| Allocate | ઍલકેટ | વહેંચી દેવું | Allocated |
| Allot | અલોટ | ભાગ પાડવા | Alloted |
| Allow | અલાઉ | રજા આપવી | Allowed |
| Allude | અલ્યૂડ | ઉલ્લેખ કરવો | Alluded |
| Alter | ઑલ્ટર | ફેરફાર કરવો | Altered |
| Altercate | ઑલ્ટરકેઇટ | બોલાચાલી કરવી | Altercated |
| Amalgamate | અમેલ્ગમેટ | મિશ્રણ કરવું | Amalgamated |
| Amass | અમૅસ | સંચય કરવો | Amassed |
| Amase | અમેઝ | દંગ થવું | Amased |
| Amend | અમેન્ડ | સુધારો કરવો | Amened |
| Amplify | ઍમ્પ્લિફાય | વધારો કરવો | Amplified |
| Amuse | અમ્યૂઝ | હસાવવું | Amused |
| Analyse | ઍનલાઇઝ | પૃથક્કરણ કરવું | Analysed |
| Annihilate | અનાઇલેટ | નાશ કરવો | Annihilated |
| Announce | અનાઉન્સ | જાહેર કરવું | Announced |
| Annoy | અનૉઇ | ચીડવવું | Annoyed |
| Annul | અનલ | રદબાતલ કરવું | Annuled |
| Answer | આન્સર | પ્રત્યુત્તર આપવો | Answered |
| Apologize | અપૉલજાઇઝ | માફી માગવી | Apologized |

| મૂળ ક્રિયાપદ<br>Basic Verb | ઉચ્ચારણ<br>Pronounciation | ગુજરાતી અર્થ<br>Meaning | ભૂતકાળ/P.T.<br>ભૂતકૃદંત/P.P. |
|---|---|---|---|
| Appal | અપોલ | ભડકાવવું | Appalled |
| Appeal | અપીલ | અરજ કરવી | Appealed |
| Appear | અપીઅર | હાજર થવું, દેખાવું | Appeared |
| Append | અપેન્ડ | જોડવું | Appended |
| Applaud | અપ્લોડ | ખુશામત કરવી | Apelauded |
| Apply | અપ્લાય | લાગુ કરવું | Applied |
| Appoint | અપૉઇન્ટ | નિમણૂક કરવી | Appointed |
| Apportion | એપ્રોર્શન | ભાગ પાડી વહેંચવું | Apportioned |
| Appraise | ઍપ્રેઝ | મૂલ્યાંકન કરવું | Appraised |
| Apprehend | એપ્રહેન્ડ | ડર લાગવો | Apprehended |
| Appreciate | ઍપ્રિશિએટ | કદર કરવી | Appreciated |
| Appraise | અપ્રાઇઝ | જાણ કરવી | Apprised |
| Approach | અપ્રોચ | નજીક જવું | Approached |
| Approve | અપ્રૂવ | માન્ય કરવું | Approved |
| Argue | આર્ગ્યૂ | દલીલ કરવી | Argued |
| Arise | અરાઈઝ | ઊઠવું | Arose<br>(P.P. : Arisen) |
| Arrest | અરેસ્ટ | ધરપકડ કરવી | Arrested |
| Arrive | અરાઇવ | આવી પહોંચવું | Arrived |
| Ascertain | ઍસર્ટેન | ખાતરી કરવી | Ascertained |
| Ask | આસ્ક | પૂછવું | Asked |
| Aspire | અસ્પાયર | ઇચ્છા કરવી | Aspired |
| Assail | અસેલ | હેરાન-પરેશાન કરવું | Assailed |
| Assault | અસોલ્ટ | હુમલો કરવો | Assaulted |

| **મૂળ ક્રિયાપદ**<br>Basic Verb | **ઉચ્ચારણ**<br>Pronounciation | **ગુજરાતી અર્થ**<br>Meaning | **ભૂતકાળ**/P.T.<br>**ભૂતકૃદંત**/P.P. |
|---|---|---|---|
| Assemble | અસેમ્બલ | ભેગું કરવું | Assembled |
| Assent | અસેન્ટ | સંમતિ આપવી | Assented |
| Assign | અસાઇન | સોંપવું, નીમવું | Assigned |
| Assimilate | અસિમિલેટ | પચાવવું | Assimilated |
| Assist | આસિસ્ટ | સહાય કરવી | Assisted |
| Assort | અસોર્ટ | વર્ગીકરણ કરવું | Assorted |
| Assume | અસ્યૂમ | ધારી લેવું | Assumed |
| Assure | અસ્યૂર | ખાતરી આપવી | Assured |
| Astonish | અસ્ટોનિશ | આશ્ચર્યચક્તિ કરવું | Astonished |
| Attack | અટૅક | હુમલો કરવો | Attacked |
| Attain | અટૅઇન | પ્રાપ્ત કરવું | Attained |
| Attempt | અટેમ્પ્ટ | પ્રયત્ન કરવો | Attempted |
| Attend | અટેન્ડ | સાર-સંભાળ લેવી | Attended |
| Attested | અટેસ્ટેડ | પ્રમાણિત કરવું | Attested |
| Attract | અટ્રેક્ટ | આકર્ષિત કરવું | Attracted |
| Attribute | એટ્રિબ્યૂટ | કારણપૂર્વક માનવું | Attributed |
| Auction | ઑકશન | લીલામ કરવું | Auctioned |
| Audit | ઑડિટ | હિસાબ તપાસવો | Audited |
| Authorise | ઓથરાઇઝ | સત્તા આપવી | Authorised |
| Avail | અવેઇલ | ઉપયોગી થવું | Availed |
| Avenge | અવેન્જ | વેર વાળવું | Avenged |
| Average | ઍવરેજ | સરાસરી થવી | Averaged |
| Avoid | અવૉઇડ | અવગણવું | Avoided |
| Await | અવેઇટ | રાહ જોવી | Awaited |

ક્રિયાપદની યોગ્ય જાણકારી વિના
અંગ્રેજીનું શિક્ષણ કદાપિ પૂર્ણ થઈ શકતું નથી.

પ્રસ્તુત કોશમાં ક્રિયાપદોની પસંદગી કરતી વખતે
તેની ઉપયોગિતા તેમજ કઠિનતા વગેરે
બાબતોની કાળજી રાખવામાં આવી છે,
જેથી આ ભાષા શીખનારને વારંવાર
દળદાર ડિક્શનરી ઉથલાવવાની પળોજણમાંથી
સાનંદ મુક્તિ મળે છે.

અહીં અંગ્રેજી ક્રિયાપદોના બી.આર.પી. મુજબ
પ્રમાણભૂત ગુજરાતી ઉચ્ચારો પણ સમાવિષ્ટ છે.

અહીં એકબીજાથી ભિન્ન ભિન્ન અર્થ ધરાવતા ક્રિયાપદો પણ
સાથે મૂકી શબ્દભંડોળ વધારી શકાય તેવી સવલત છે.

અહીં બહુ પ્રચલિત અંગ્રેજી ક્રિયાપદો તેના ભૂતકાળનાં રૂપો
અને ભૂતકૃદંતના રૂપો સાથે સમાવિષ્ટ છે, જે ખૂબ જ ઉપયોગી છે.

આ ક્રિયાપદકોશનો આશય વિદ્યાર્થીઓને અને વ્યાવસાયિકોને
અનેકાનેક રીતે ઉપયોગી થવાનો છે.

WBG Publication

Connect with Us
www.facebook.com/wbgpublication
Call - SMS : +91 91 73 40 41 42

educational

Visit us
www.wbgpublication.com
ISBN 938234510-8
9 789382 345107
₹60/-